

# હે ગુરુવર!હે માતુ ભગવતી! એવી કૃપા દૃષ્ટિ કરી દો
# મનમાં વહાવો વાસંતી લહેર, હૃદય કમળ વિકસિત કરી દો

## સદાવસંતમ્ હૃદયારવિન્દે

ભગવાન શિવની લોકપ્રિય સ્તુતિમાં કહેવામાં આવ્યું છે-

**સદાવસંતમ્ હૃદયારવિન્દે ।**
**ભવમ્ ભવાની સહિતમ્ નમામિ ॥**

એનો પારંપરિક અર્થ એ છે કે અમારા હૃદયકમળમાં નિવાસ કરનારા ભવાની સહિત સદાશિવને નમન કરૂ છું. પરંતુ વસંત શબ્દની સાથે ભાવ એ પણ બને છે જે હૃદયરૂપી કમળ માટે હંમેશા વસંતઋતુની જેમ છે. એવા સદાશિવને માતા ભવાની સહિત નમન છે.

હે ગુરુવર! આપના હૃદયમાં તો હંમેશા વસંતનો પ્રવાહ ઉમટતો રહે છે. ગુરુને પણ તો સદાશિવ રૂપ, હંમેશા કલ્યાણકારી કહેવામાં આવ્યા છે. જેવી રીતે શિવ-ભવાની એક જ અંગ કહેવામાં આવ્યા છે, એવી જ રીતે આપ પણ માતા-ભગવતીની સાથે એક જ અંગની જેમ રહ્યા છો. ભવાની શંકરની વંદના સંત તુલસીદાસજીએ 'શ્રદ્ધા-વિશ્વાસ' રૂપે કરી છે. આપને પણ પોતાનો પરિચય 'સજલ શ્રદ્ધા-પ્રખર પ્રજ્ઞા' રૂપે આપ્યો છે. જો અમો આપને શ્રદ્ધાપૂર્વક નમન કરતાં આ પ્રાર્થના કરીએ છીએ કે અમારા હૃદયોમાં આપ વાસંતી પ્રવાહ બનીને સંચરિત થાવ, તો એમાં શું ખોટું છે?

હે પ્રભુ! આપ તો વસંતમય રહ્યા. આપને પોતાનો આધ્યાત્મિક જન્મદિવસ વસંત પર્વને જ માન્યો. આપના જીવનમાં વાસંતી રંગની સાથે ઉગતા સૂર્યની લાલિમાનો એવો સુંદર સમન્વય કર્યો કે એનાથી ઉમટેલો સોનેરી કેશરિયો આભા (પ્રકાશ) બધી બાજુ ફેલાઈ ગયો.

કહેવામાં આવ્યું છે-**'ઈશ્વર અંશ જીવ અવિનાશી'**. જીવની અંદર બીજ રૂપમાં પરમેશ્વર, બ્રાહ્મી ચેતના રહે છે. આપના હૃદયમાં દિવ્ય વસંત સંચરિત થતો રહ્યો અને અંદરનું બ્રહ્મબીજ ધીરે ધીરે પ્રસ્ફૂટિત-વિકસિત થઈને પુષ્પિત-ફલિત થતું રહ્યું. હૃદયમાં બ્રહ્મકમળ ખિલતું રહ્યું, બ્રહ્મવર્ચસના રૂપમાં એનો મકરંદ (પરાગ) ઉમટતો રહ્યો અને એની સુવાસથી આખુ વિશ્વ સુગંધીત થતું રહ્યું. ઋદ્ધિ-સિદ્ધિઓ ભમરાઓ, મધુ-માખીઓની જેમ ખિલેલા બ્રહ્મકમળની આસપાસ મંડરાતી રહી.

આ ક્રમ જીવનભર ચાલતો રહ્યો. વાસંતી પ્રવાહની રોજ નવી તરંગો ઉમટતી રહી, બ્રહ્મકમળ ખિલતા રહ્યા, બ્રહ્મબીજ પાકતા રહ્યા. આપ તેને જનસુલભ બનાવી વિખેરતા રહ્યા. સાર્થક થઈ ગયો વસંત અને ધન્ય થઈ ગયું આપનું લૌકિક જીવન.

આપની કૃપા અથવા પોતાને સૌભાગ્યવશ અમો પણ આપણાથી જોડાઈ ગયા. આપની અંદરથી સતત પ્રવાહિત દિવ્ય સુગંધે અમોને પણ પ્રભાવિત કર્યા. અમો પણ એના પ્રભાવથી દુનિયાની દુર્ગંધ ભૂલી ગયા. સોનેરી કેશરિયા રંગનો પ્રભાવ અમારી ઉપર પણ પડ્યો. અમોને પણ પરમાર્થમાં થોડો-ઘણો રસ આવવા લાગ્યો. મનોભૂમિ થોડીઘણી સુધરી તો આપને કૃપા કરી અમુક બ્રહ્મબીજ એમાં નાખી દીધા. ત્યારે તો કંઈક નવું કરવાનું, નવસર્જન અભિયાનમાં યોગદાન આપવાની તળવળાટ અમારી અંદર પણ થવા લાગી. શુભ સંકલ્પ જાગવા લાગ્યો.

પરંતુ તે બીજ, તે શુભ સંકલ્પ બરાબર રીતે પુષ્પિત-ફલિત થઈ રહ્યો નથી. લાગે છે એના વિકાસની અનુરૂપ વાતાવરણ અમારી અંદર બની રહ્યું નથી. હાં અમારા હૃદયોમાં વાસંતી પ્રવાહ સતત ક્યાં રહી શકે છે?

હે પ્રભુ! અમો આપને નમન કરીએ છીએ. અમારા હૃદયમાં પણ હંમેશા વસંત રહે. નહી તો અમો ક્યાંયના નહીં રહીએ.

## વિસંગતિઓથી બચાવીએ

હે નાથ! કૃપા કરો. અમોને આ વિસંગતિઓથી બચાવો. જે બીજ આપને પોતાનું સમજીને અમારી અંદર વાવી દીધું છે, તે દિવ્ય વાસંતી લહેરોથી જ વિકસિત થાય છે. અમારા હૃદયોમાં વાસંતી ઉમંગો ઉમટે છે, પરંતુ ખબર નથી ક્યારે ઈર્ષ્યા, દ્વેષ, અહંકારની સળગાવી દેવાવાળી હવાઓ ચાલવા લાગે છે. ન જાણે ક્યારે આળસ,પ્રમાદ,ભય,આશંકાની કાતિલ ઠંડી વાતાવરણની ઉર્વરતા સમાપ્ત કરી દે છે. આ વિસંગતિઓ ખૂબ જ કષ્ટદાયક છે. જે બીજ અંકુરિત થાય છે, તે ગરમ હવાઓથી સળગી જાય યા તો ઠરીને ઠીકરુ થઈ જાય, બંન્ને જ સ્થિતિઓમાં અમારુ કરેલું બેકાર થઈ જાય છે.

હે પ્રભુ! દયા કરો. આપ તો વાસંતી વિદ્યાના વિશેષજ્ઞ છો. અમો પણ ઈચ્છિએ છીએ કે અમારા હૃદય કમળની આસપાસ પણ સદાવસંત રહે. અમારા હૃદયપુષ્પ પણ ખિલે. અંદર વાસંતી વાતાવરણના અભાવમાં આપના વાવેલા કિંમતી બીજ ફલિત થયા વગર જ ન રહી જાય. આપના દ્વારા ગોદવામાં આવેલ મનોભૂમિ બણજર ન કહેવડાવો. અમારી જીવન સાધના ભલે કંઈ વધારે ન કરી શકે, પરંતુ વાંઝણી કહેવડાવવાના કલંકથી તો બચી જઈએ.

આપનું તો આશ્વાસન છે **'योगक्षेम वहाम्यहम्।'** અમો આપની સાથે જોડાયેલા છીએ, આપના કહેવાઈએ છીએ. આપના માટે કંઈ કર્યા વગર અમારાથી રહેવાતું પણ નથી. તો પછી આ સુયોગ કેમ નથી બનતો કે અમો યુગ સાધનામાં અગ્રદૂતની ભૂમિકા નિભાવીએ. એ યોગ કેમ નથી બનતો કે સર્જન-સંવેદનાને સતત જીવંત બનાવી રાખી શકીએ.

## ઘણુ બધુ કહી લીધુ? હવે સાંભળો પણ

એમ લાગ્યું કે અંદરથી સદ્‌ગુરુના સ્વર આવી રહ્યા છે. આપને પોતાની વાત કહી દીધી, હવે અમારી પણ સાંભળો. આપ તો પોતાની જ કહેતા રહો છો, જપના સમયે પણ અને ધ્યાનના સમયે પણ. આપ રોકાવો તો હું બોલું....

આપ પોતાની અંદર-બહારની જે વાતો બતાવી રહ્યા છો, તે શું મને ખબર નથી? આપ ન કહો તો પણ હું જાણું છું. તો પણ કહી લેવામાં, મન હલકુ કરી લેવામાં કોઈ બુરાઈ નથી. અર્જુને પણ પોતાની વાત કહી દીધી હતી. પરંતુ પોતાની વાત કહીને મને બોલવાનું નિમંત્રણ આપ્યું હતું, કહ્યું હતું-''હું આપનો શિષ્ય છું, આપ મને દિશા-નિર્દેશ આપો.'' અને એટલું કહીને તે ચુપ થઈ ગયો હતો. જ્યારે તે ચુપ થઈ ગયો, ત્યારે મેં બોલવાનું શરૂ કર્યું. જે સ્વયં બોલતો જ જાય, તે શું કોઈની સાંભળશે ખરો? એટલા માટે કોઈ બોલે પણ શા માટે?

અર્જુન ચુપ થઈ ગયો તો હું પણ બોલ્યો અને તેને પણ સાંભળ્યું-સમજ્યો. આપ તો સતત બોલતા જ જાવ છો. જાગતાં પણ અને સૂતા પણ. સાધનાના સમયે પણ અને સ્વાધ્યાયના સમયે પણ. આપને તો બોલવાનું સારું લાગે છે તો હું સાંભળતો રહું છું. આપને સાંભળવું સારું લાગે, તો હું બોલવા લાગું. આપને કરાવવું સારું લાગે છે, તો હું કરતો રહું છું, આપને કરવું સારું લાગે તો હું કરાવવા લાગું. અરે ભાઈ! મારી પણ કંઈક શરત છે, મર્યાદાઓ છે, તેને પણ સમજો-ધ્યાનમાં રાખો.

બરાબર છે કે મેં યોગક્ષેમના વહનનું આશ્વાસન આપ્યું છે, પરંતુ તે છે કોના માટે? જે અનન્ય ચિંતન દ્વારા મારી ઉપાસના કરે છે, એના યોગક્ષેમનું વહન હું કરૂ છું. આપ મારી શરત તો ભૂલાવી દો છો અને મારા વચન નિર્વાહ માટે પડકાર આપવા લાગો છો.

કહેવામાં આપ પણ કહી શકો છો કે અમો તો હંમેશા આપનું જ ચિંતન કરીએ છીએ. દરેક વાત આપને જ કહીએ છીએ. પરંતુ વાસ્તવિકતા શું છે? જરા આત્મસમીક્ષા કરીને તો જુઓ.

જ્યારે-જ્યારે મુશ્કેલીઓ આવે છે, દુઃખ આવે છે, તો એના નિવારણ માટે મને યાદ કરો છો. પોતાની મર્યાદાઓની અનુરૂપ હું એનું નિવારણ પણ કરૂ છું, પરંતુ મારા દ્વારા આપવામાં આવેલ વિભૂતિઓ, વિશેષતાઓના ઉપયોગનો સમય આવે છે, ત્યારે તો આપ એનો ઉપયોગ દુનિયાની પરંપરા અનુસાર કરવા લાગો છો. આપણે ક્યારે એ ધ્યાન રહે છે કે એ સ્થાન પર હું હોત તો શું કરતો? એ સમયે આપને એ ક્યાં ધ્યાન રહે છે કે મને કઈ વાતથી ખુશી થશે? આપ તો અનગઢ દુનિયાને પ્રસન્ન કરવા, એની પ્રશંસાને લક્ષ્ય બનાવીને આચરણ કરવા લાગો છો.

આપ તો પોતાની લાચારી અને મારી જવાબદારીઓનો જ હવાલો આપતા રહો છો. ક્યારેય મારી લાચારી અને પોતાની જવાબદારીની વાત પણ તો વિચારો.

## ધારણની જવાબદારી

આપ વાસંતી લહેરોના સંચારની વાત કરી રહ્યા હતા. હું તો આપું છું, આપતો રહું છું. આ મારુ કામ છે. પરંતુ ધારણ કરવાની જવાબદારી તો આપની છે.

હું રોજ બ્રહ્મમુહૂર્ત મોકલું છું, ઉષાકાળ મોકલું છું. એનું કેટલું ધારણ, કેટલો ઉપયોગ કરો છો? હું સૂર્યનું, વાયુંનો સંચાર સતત કરું છું, આપ એને કેટલું ધારણ કરો છો?

આપને ખબર છે? વરસાદ, ઠંડી,ગરમીના સંતુલિત સમન્વયથી વસંતનો ઉદ્‌ભવ થાય છે. આપ વસંતની કામના તો કરો છો, પરંતુ બીજી ઋતુઓની ફરીયાદ જ કરતા રહો છો. તેને સહન કરી એના સદુપયોગની વાત ક્યાં વિચારી શકીએ છીએ. આપ જાણો છો કે મેં એનો સમન્વય પોતાના જીવનમાં કર્યો છે. એ પ્રસંગોની પ્રશંસા પણ કરો છો, પરંતુ અનુકરણ...?

અનુકરણ પણ વિવેકપૂર્ણ થાય-અંધાનુકરણ નહીં. મે મારી પોતાની અંદર હંસવૃત્તિ વિકસિત કરવા માટે ગાયત્રીના જપ કર્યા. એ જ કસોટી પર સાધનાનું મૂલ્યાંકન કરતો રહ્યો. આપ જપની સંખ્યાથી પોતાની સાધનાનું મૂલ્યાંકન કરવા લાગો છો. મે જવની રોટલી અને છાછના માધ્યમથી અન્નમય કોશનું શોધન અને ઈંદ્રિયોના સંયમને સાધ્યું, આપ શોધનની જગ્યાએ ભ્રમ અને અહંને અપનાવવા લાગો છો.. મેં યજ્ઞને જીવન યજ્ઞનો આધાર બનાવ્યો, આપ તેને લૌકિક પ્રતિષ્ઠાનું માધ્યમ-વ્યસન બનાવવા લાગો છો.

હું ઉત્સાહ, મનોબળ વધારવા માટે યશ આપું છું; આપ એનાથી અહંકાર વધારવા લાગો છો. હું વિશ્રામ, આત્મસમીક્ષા વગેરેના માટે હું વિરામ આપું છું. આપ તેને આળસ, પ્રમાદ, નિરાશાનું માધ્યમ બનાવી લો છો. આ બધાનું સમતોલિત સદુપયોગ કરો તો જીવનમાં વસંત ખિલશે. એ ન ભૂલો કે આપવાની જવાબદારી મારી છે, પરંતુ ધારણની જવાબદારી તો આપની જ છે. મેં ભાગીદારીનું આમંત્રણ આપ્યું છે, જવાબદારી તો બન્ને પક્ષોએ નિભાવવી પડશે.

## શંકા ડાયન, ભયનું ભૂત

કહેવાય છે કે ડાયન વ્યક્તિનું લોહી સુકવી દે છે, ભૂત લોકોને ભટકાવી દે છે, રોવડાવી દે છે. આવી **વિસંગતિઓ** નબળા મનોબળ અથવા નબળી ભાવનાશાળીની સાથે જ થાય છે. એના અન્ય રૂપો પર તો વિવાદ છે, પરંતુ શંકા, અસમંજસ રૂપી ડાયન તથા ભય રૂપી ભૂતોને તો નિર્વિવાદ રૂપથી સાધકોનું લોહી ચુસી, એની દુર્ગતિ કરતા જોઈ શકાય છે.

અર્જુન પરમવીર, પરમ તપસ્વી હતો, પરંતુ શંકામાં, અસમંજસમાં પડીને નપુંસક જેવો થઈ ગયો. શંકા ડાયને એની સારી તેજસ્વીતા ખાઈ ગઈ. રામ, કૃષ્ણ, રામકૃષ્ણ પરમહંસ વગેરે અનુપમ અવસર લઈને આવ્યા, પરંતુ શંકા ડાયન અને ભયના ભૂતે લાખોને એ અવસરોનો લાભ ન લેવા દીધો.

આપ પણ ડાયનો અને ભૂતોની પકડથી મુક્ત નથી થઈ રહ્યા. યુગ વસંત નિત્ય નવો અવસર લઈને આવે છે, પરંતુ ડાયન અને ભૂત; શંકાઓ અને ભય એનો લાભ ઉઠાવા દેતી નથી.

વસંતમાં એ જ બીજ વિકસિત-ફલિત થાય છે, જે ગળે છે. પરંતુ ગળવાનો ભય-''હાય હું ન રહું તો શું થશે?'' વસંતના પ્રવાહને કુંઠિત કરી દે છે. અંદરથી વાસંતી રસનો સંચાર થતા જ નવી કુપળો ફૂટવા આતુર થાય છે. એના માટે જૂના પાન(પાંદડા)ને પોતાનું સ્થાન છોડવું પડે છે...

આપને નવી ઉમંગ-નવી પ્રતિષ્ઠા તો જોઈએ, પરંતુ જુની છૂટતી નથી. અરે! એને ખુબ મહેનતથી મેળવી હતી, નવી પ્રતિષ્ઠા ન જાણે ક્યારે મળે, કેવી રીતે મળે? બસ આ જ શંકામાં નવી કૂપળોને ફૂટવા, ખિલવા માટે સ્થાન જ નથી મળી શકતું. વસંત આવે છે, પરંતુ બિચારો કરે શું?

આ ભૂતો-ડાયનોથી બચવાનો યંત્ર-મંત્ર પણ અમે આપ્યો છે.. શ્રદ્ધા વિશ્વાસની દૃઢતા અને સક્રિયતા જ એનો ઉપચાર છે. શ્રદ્ધામાં શંકા ક્યાં? વિશ્વાસમાં ભય ક્યાં? પરંતુ એનું સ્તર પણ તો સમયની અનુરૂપ નિખરવું જોઈએ.

## ઉઠો, જાગો અને સંભાળો

યુગનો વસંત સક્રિય છે. એનો પ્રવાહ ઉમટી રહ્યો છે. નવ સર્જન માટે દરેક વર્ષ, દરેક દિવસે નવા પડકારો પેદા થાય છે. કાર્યના વિકાસ-વિસ્તારની સાથે એની અનુરૂપ શક્તિ સંચારની જરૂરત પડે છે. એની વ્યવસ્થા બનેલી છે. એનો લાભ ઉઠાવવાનો છે. અમોએ પણ ઉઠાવ્યો છે. આપ પણ ઉઠાવો. ઉઠો, જાગો જેટલું સંભાળી શકો, સંભાળો... કમી નહીં પડવા દઈએ.

પરંતુ કંજૂસ ન બનો. મેળવવા વાળાને આપવું પણ પડે છે. અટૂટ પાણીના ભંડારથી જોડાયેલ નળને જો આપવાની હિમ્મત નહીં કરીએ, તો પ્રવાહ બનશે જ નહીં. આપ હલકા સ્તરના કંજૂસ બની જાવ છો. સાંસારિક સંપત્તિ આપવાથી એની ઘટી જવાનો ભય હોય છે. એના માટે જે કંજુસી કરે, તે સામાન્ય કંજુસ કહેવાશે.પરંતુ દૈવી સંપદા તો આપવાથી વધે છે. તેને આપવામાં જે સંકોચ કરે, એ ખૂબ જ છીછરા સ્તરનો કંજૂસ કહેવાશે. કોઈને પ્રશંસા-પ્રોત્સાહન આપવામાં આપનું શું ઘટશે? તો પણ તેને આપવામાં આટલી કંજૂસી! અરે એ તો પોતાના-પરાયા, શત્રુ-મિત્ર સૌને વહેંચો.. આપતા રહો, મેળવતા રહો. પ્રવાહ અખંડ બની રહેશે. યુગ વસંત ઉમટી રહ્યો છે, છવાઈ રહ્યો છે. લો સંભાળો, જેટલું સંભાળી શકો... ●

**મહાત્મા એ છે, જેના સામાન્ય શરીરમાં અસામાન્ય આત્મા નિવાસ કરે છે.**